RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 288, Dt.22-2-2025 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મહાકુંભમાં રેકોર્ડ ૬૦ કરોડ શ્રદ્ધાળુઓએ ડૂબકી લગાવી

## પ્રયાગરાજમાં એન્ટ્રી પોઈન્ટથી શહેરની અંદર સુધી ભારે ટ્રાફિક જામ : લોકોને ૫૦૦ મીટરનું અંતર કાપવામાં લગભગ બે થી ત્રણ કલાકનો સમય લાગી રહ્યો છે

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

આજે મહાકુંભનો ૪૧મો દિવસ છે. મેળાના માત્ર હવે ૪ દિવસ બાકી છે. સીએમ યોગી આજે નવ કલાક મહાકુંભમાં રહેશે. મહાશિવરાત્રી સ્નાનની તૈયારીઓની સમીક્ષા કરશે. અરૈલમાં ત્રિવેણી ગેસ્ટ હાઉસમાં કેન્દ્રીય મંત્રી અને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાનું સ્વાગત કરશે. નડ્ડા સંગમમાં સ્નાન કરશે.



શનિવારે સવારે ૮ વાગ્યા સુધીમાં, ૩૩.૧૦ લાખ ભક્તોએ સંગમમાં સ્નાન કર્યું. અત્યાર સુધીમાં લગભગ ૫૯.૬૪ કરોડ ભક્તોએ સ્નાન કર્યું છે. વીકેન્ડ પર, પ્રયાગરાજમાં એન્ટ્રી પોઈન્ટથી શહેરની અંદર સુધી ભારે ટ્રાફિક જામ હોય છે. લોકોને ૫૦૦ મીટરનું અંતર કાપવામાં લગભગ બે થી ત્રણ કલાકનો સમય લાગી રહ્યો છે.

એન્ટ્રી પોઈન્ટ પર રોકાયેલા ભક્તોએ ઓછામાં ઓછું ૧૦-૧૨ કિમી સુધી ચાલવું પડે છે. જો કે, વહીવટીતંત્ર તેમની સુવિધા માટે શટલ બસો, ઈ-રિક્ષા ઓટોને જવા દે છે. હજારો બાઈકર્સ પણ મુસાફરોને લઈ જઈ રહ્યા છે. પરંતુ, તે તમામ મનસ્વી ભાડું વસૂલી રહ્યા છે.

જ્યારે ઓટો અને ઈ-રિક્ષા ચાલકો પ્રતિ કિમી રૂ. ૧૦૦ સુધી ચાર્જ કરી રહ્યા છે, ત્યારે બાઈક સવારો રૂ. ૫૦ મનમરજી મુજબ ભાડું વસૂલી રહ્યા છે. આવી સ્થિતિમાં લોકોને એન્ટ્રી પોઈન્ટથી મેળામાં પહોંચવા માટે ૫૦૦ થી ૧૦૦૦ રૂપિયા ચૂકવવા પડે છે.પ્રયાગરાજ પહોંચતા વાહનોને સંગમથી ૧૦ કિમી પહેલા રોકવામાં આવી રહ્યા છે. ત્યારબાદ, લોકોએ બાકીનું અંતર ચાલીને જવું પડશે.

આ દરમિયાન, શહેરમાં ટ્રાફિક જામની સ્થિતિને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્રે નિર્ણય લીધો છે કે ૨૪ ફેબ્રુઆરીએ ૧૦મા-૧૨મા ધોરણની બોર્ડ પરીક્ષાઓ લેવાશે નહીં. આ દિવસની પરીક્ષા ૯ માર્ચે લેવામાં આવશે. ભીડને કારણે, પ્રયાગરાજની શાળાઓમાં ૮મા ધોરણ સુધીના વર્ગો ઓનલાઈન લેવામાં આવશે. પ્રયાગરાજમાં નોંધાયેલા વાહનોને જ શહેરમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી રહી છે.

## હર હર મહાદેવના નાદ સાથે મહાશિવરાત્રીના મેળાનો પ્રારંભ

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**



ભવનાથ મહાદેવના સાંનિધ્યમાં ગિરનાર તળેટી ખાતે ૪ દિવસના મહાશિવરાત્રિ મેળાનો આજથી પ્રારંભ થયો છે. આજે ભવનાથ મહાદેવ મંદિર પર ધ્વજારોહણ કર્યા બાદ મેળાને વિધિવત્ રીતે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. આગામી ૪ દિવસ ભવનાથ ક્ષેત્રમાં નાગા સંન્યાસીઓ, સાધુ-સંતો અને લાખો ભાવિકો ઊમટી મહાદેવના મેળાની મોજ માણશે. ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમાન આ મેળામાં સાધુઓ ધૂણી ધખાવશે તેમજ વિવિધ કલાકારો ભજનોની રમઝટ બોલાવશે. મહાશિવરાત્રિ મેળાની શરૂઆત જૂના અખાડાના મહામંડલેશ્વર હરિગિરિ મહારાજ, જગતગુરુ મહેન્દ્રાનંદગિરિ મહારાજ, ઈન્દ્રભારતી બાપુ, મુક્તાનંદ બાપુ, મહામંડલેશ્વર હરિહરાનંદ ભારતી મહારાજ, બુદ્ધગિરિ મહારાજ તેમજ જૂનાગઢ ક્લેક્ટર, એસપી સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં ભવનાથ પટાંગણમાં પૂજા વિધિ બાદ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું.

## એસએસએમઈ ઉદ્યોગ ક્ષેત્રની મુશ્કેલીઓ દુર કરવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ કદમ

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

નાના-એસએસએમઈ ઉદ્યોગ ક્ષેત્રની મુશ્કેલીઓ દુર કરવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવવાનાં પ્રયાસો શરૂ થયા છે જે અંતર્ગત વ્યાવસાયિક લોનની વહેલી ચુકવણી પર લગાવાતો ચાર્જ રદ કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. પ્રવર્તમાન નિયમનો પ્રમાણે વ્યક્તિગત ધિરાણમાં વ્યવસાય સિવાયના ઉદેશો માટે ફલોટીંગ વ્યાજ પર લીધેલી લોનની નિર્ધારીત સમય કરતાં વહેલી ચુકવણી કરવાની છુટ નથી. હવે રિઝર્વ બેંક દ્વારા ચર્ચાપત્ર જારી કરવામાં આવ્યું છે. તેમાં એમ કહેવાયું છે કે, ટીપર-૧ અને ટીપર-૨ સહકારી બેંકો તથા પ્રારંભીક સ્તરની નાણા સંસ્થાઓ તથા તેના કાર્યક્ષેત્રમાં આવતી કંપનીઓ વ્યકિતઓ તથા એમએસએમઈ લોન ધારકો દ્વારા વ્યવસાયિક હેતુસર ફલોટીંગ દર પર લોન લેવામાં આવી હોય અને તેની નિર્ધારીત સમય કરતાં વહેલી ચુકવણી કરે તો દંડ કે ચાર્જ વસુલવામાં ન આવે.

જોકે, મધ્યમની શ્રેણીમાં આવતા ઉદ્યોગોના કિસ્સામાં રૂા.૭.૫૦ કરોડની મર્યાદામાં આ સુચિત નિયમ લાગુ થશે. નાણા સંસ્થાઓ રીટેલ લોનમાં લોનધારક નિર્ધારીત સમય કરતાં વહેલી ચુકવણી કરે તો બાકી રકમ પર ચારથી પાંચ ટકા સુધીનો દંડ વસુલતી હોય છે.




રિઝર્વ બેન્કનાં મુસદામાં એવો પણ પ્રસ્તાવ કરવામાં આવ્યો છે કે લોનધારકોને લોન પુરી કરવા કોઈ લોક-ઈન પીરીયડ રાખ્યા વિના છુટ્ટ મળવી જોઈએ. નિર્ધારીત સમય કરતાં વહેલી ચુકવણી કરવા માંગે તો તેની મંજુરી હોવી જોઈએ. અર્થાત પાંચ વર્ષની મુદત માટે લીધેલા ધિરાણની ચુકવણી ચાર વર્ષમાં જ કરવા ઈચ્છે તો કોઈપણ જાતનો ચાર્જ કે દંડ વસુલ્યા વિના તેની છુટ મળવી જોઈએ. રિઝર્વ બેન્ક દ્વારા હિતધારકો તથા જાહેર જનતા પાસેથી આ સમગ્ર મુસદા પર ૨૧ માર્ચ સુધીમાં સલાહ સુચનો માંગવામાં આવ્યા છે.

## ટેસ્લાનું રોકાણ આંધ્રપ્રદેશમાં ખેંચવાનાં ઉદેશ સાથે રાજય સરકારે પહેલ કરી

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

અમેરિકામાં પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પ સતારૂઢ થયા બાદ ટેરિફવોર સહિતના જોખમો અને ટેસ્લા કારની ભારતમાં એન્ટ્રીની ચર્ચા વચ્ચે તેનાં માટે ખેંચતાણ શરૂ થઈ છે. આંધ્રપ્રદેશે લાલજાજમ પાથરી છે અને જમીન સહીતના ત્રણ લોકેશન પણ અલગ તારવી લીધા છે. અમેરીકી પ્રમુખ ટ્રમ્પનાં વિશ્વાસુ એલોન મસ્કની કંપની ટેસ્લાએ ભારતમાં એન્ટ્રીના આશયથી સ્ટાફની ભરતી જાહેર કરી જ દીધી હતી. ભારતમાં ઈલેકટ્રીક વાહનના ઉત્પાદન માટે પ્લાન્ટ આપવાની મસ્કની યોજના સામે, જોકે ટ્રમ્પ સંમત ન હોવા છતાં મસ્ક પ્રોજેકટમાં આગળ ધપતા હોવાના સંકેત છે ત્યારે ટેસ્લા માટે રાજયો વચ્ચે ખેંચતાણ શરૂ થવાના સંકેત છે. ટેસ્લાનું રોકાણ આંધ્રપ્રદેશમાં ખેંચવાનાં ઉદેશ સાથે રાજય સરકારે પહેલ કરી છે અને જમીન આપવા સહીતની તૈયારી શરૂ કરી છે.આંધ્ર સરકારે ટેસ્લા સાથે વાટાઘાટો શરૂ કરી દીધી છે. રાજયના નેલ્લોર તિરૂપતી તથા અનંતપુર જીલ્લામાં યોગ્ય જમીનની ઓળખ પણ કરી લીધી છે. અનંતપુર જીલ્લામાં સુચવેલી જમીન હ્યુન્ડાઈના કીયા કલસ્ટરની નજીક જ છે. અગાઉ ગુજરાત તથા મહારાષ્ટ્ર પણ ટેસ્લાને આવકારવા ઉત્સુક હોવાનું કહેવાતુ હતું પરંતુ કંપની જમીન સંપાદન તથા ત્યાં વસતા લોકોનાં પુર્નવાસ જેવી કામગીરીમાં પડવા ઈચ્છુક નથી તામીલનાડુએ પણ ટેસ્લાને આવકારવા તૈયારી દાખવી હતી. આંધ્રપ્રદેશ સરકાર દ્વારા તૈયાર જમીન ઓફર કરવા ઉપરાંત પોર્ટ કનેકટીવી પણ સુચવી છે ઉપરાંત દક્ષિણના ક્ષેત્રમાં ઈલેકટ્રીક વાહનોનાં વેચાણ તથા રાજય સરકારની મદદ રાહતો વિશે પણ કંપનીને વાકેફ કરી છે.ભુતકાળમાં કંપનીના એનર્જી પાર્કનાં સહયોગનો પણ ઉલ્લેખ કર્યો છે.




## આવતીકાલે દુબઈમાં ભારત - પાકિસ્તાન મહામુકાબલો

### ભારત અને પાકિસ્તાન જીતવા માટે એડીચોટીનું જોર લગાવશે

**મુખ્ય સમાચાર, દુબઈ**

ક્રિકેટનાં મેદાન પર જ્યારે પણ ભારત અને પાકિસ્તાનની ટીમો એકબીજા સાથે ટકરાતી હોય છે, ત્યારે આખી દુનિયાની નજર તેનાં પર હોય છે. આ માત્ર ક્રિકેટનાં મેદાન પર બંને ટીમો વચ્ચેની મેચ નથી. ખેલાડીઓએ જીતવા માટે પોતાનું બધું જ દાવ પર લગાવી દે છે.

આ જ કારણ છે કે મેદાન પર ખૂબ જ તણાવ જોવા મળે છે. આવું જ કંઈક આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની મેચમાં જોવા મળી શકે છે. ભારતીય ટીમનો મહા મુકાબલો પાકિસ્તાન સાથે આવતીકાલે દુબઈમાં થશે. આ મેચમાં ભારત અને પાકિસ્તાન જીતવા માટે એડીચોટીનું જોર લગાવશે.

ભારતીય ક્રિકેટ ટીમે ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત જીત સાથે કરી છે. ટીમે પોતાની પ્રથમ મેચમાં બાંગ્લાદેશને છ વિકેટે પરાજય આપ્યો હતો. હવે આગામી મેચમાં તેની પાસે કટ્ટર હરીફ પાકિસ્તાન છે. દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં બંને ટીમો ટકરાશે. આ મેચમાં કેપ્ટન રોહિત શર્મા અને કોચ ગૌતમ ગંભીરની નજર પોતાનાં શ્રેષ્ઠ ૧૧ ખેલાડીઓની પસંદગી પર રહેશે જે ટીમ ઈન્ડિયા માટે મેચ જીતાડી શકે છે. પાકિસ્તાન સામેની આ મેચ આસાન રહેવાની નથી. આ એ જ મેદાન છે જેનાં પર પાકિસ્તાને ૨૦૨૧ માં ટી૨૦ વર્લ્ડકપમાં ભારતને હરાવ્યું હતું. ચેમ્પિયન્સ ટ્રોફીમાં પાકિસ્તાને ૨૦૧૭ ની ફાઈનલમાં ભારતને હરાવ્યું હતું.બાંગ્લાદેશ સામેની મેચમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું હતું. જેમને બોલિંગ કરવાની તક મળી તેમણે સારું કામ કર્યું અને જેમને બેટિંગ કરવાની તક પણ મળી તેમણે પણ સારું પ્રદર્શન કર્યું હતું. જોકે તેમ છતાં ગંભીર જોખમ ઉઠાવી શકે છે અને તેનાં મનપસંદ ખેલાડીને બહાર રાખી શકે છે.આ ખેલાડી છે હર્ષિત રાણા. રાણાએ બાંગ્લાદેશ સામે ત્રણ વિકેટ ઝડપી હતી, પરંતુ પાકિસ્તાન સામે તે તેનાં સ્થાને ડાબોડી ફાસ્ટ બોલર અર્શદીપ સિંઘને તક આપી શકે છે અર્શદીપને પાકિસ્તાન સામે રમવાનો અનુભવ છે. જોકે તે માત્ર ટી-૨૦ જ રમ્યો છે, પણ તે જાણે છે કે, પાકિસ્તાનનાં બેટ્સમેનોને કેવી રીતે




ફસાવવા. વર્ષ ૨૦૨૨માં રમાયેલી ટી-૨૦ વર્લ્ડ કપમાં અર્શદીપે પાકિસ્તાનનાં ટોપ ઓર્ડરને ધ્વસ્ત કરી દીધો. ૨૦૨૪માં પણ તે પાકિસ્તાન સામે અસરકારક સાબિત થયો હતો.

હવે સવાલ એ છે કે શું ગંભીર અને રોહિત ફરી એકવાર કેએલ રાહુલ સાથે જશે કે પછી ઋષભ પંતને પાકિસ્તાન પર હાવી થવાની તક આપશે. આમ તો ગંભીરે સ્પષ્ટ કરી દીધું છે કે, વિકેટકિપરના મામલે રાહુલ જ ટીમની પહેલી પસંદ છે અને આ જ કારણે તે સતત તેને તક આપી રહ્યો છે. આમ જોવા જઈએ તો રાહુલ ટીમ માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. દુબઈની પીચ ધીમી છે, જેનાં પર સ્પિનરોને સારી રીતે રમતાં બેટ્સમેનની જરુર છે.

## ભગવદ ગીતા પર હાથ રાખીને ભારતીય મૂળના કાશ પટેલે FBIના વડા તરીકે શપથ લીધા

- **સૌથી મોટી સુરક્ષા એજન્સીનું નેતૃત્વ ભારતીય મૂળના વ્યકિતને મળે તે ગૌરવપુર્ણ છેઃ કાશ પટેલ**



**મુખ્ય સમાચાર,વોશીંગ્ટન**

અમેરિકાની ફેડરલ ઈન્વેસ્ટીગેશન એજન્સી એફબીઆઈના ડાયરેકટપદે નિયુક્ત થયેલા ભારતીય મૂળના કાશ પટેલે આજે હિન્દુઓના પવિત્ર નભગવદ ગીતાથપર હાથ રાખીને શપથ લીધા હતા.

ભારતીય હોવાનો ગર્વ લેતા તેમણે કહ્યું કે, ધરતીનાં સૌથી મહાન રાષ્ટ્રની સૌથી મોટી સુરક્ષા એજન્સીનું નેતૃત્વ ભારતીય મૂળના વ્યકિતને મળે તે ગૌરવપુર્ણ છે.અમેરિકન સ્વપન ભાંગી ગયુ હોવાનું માનનારાને આ જવાબ છે.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કાશ પટેલની ખૂબ પ્રસંશા કરી હતી.એજન્સીનાં એજન્ટોમાં કાશ પટેલની લોકપ્રિયતાને રાખીને તેમને નેતૃત્વ સોંપવાનો નિર્ણય લેવાનું સરળ હતું તેઓ શ્રેષ્ઠ કાર્ય કરશે.કાશ પટેલનો પરિવાર મૂળ આણંદ જીલ્લાનાં ભાદરણનો છે કાશ પટેલ એફબીઆઈનું નેતૃત્વ કરનારા ૯માં વ્યકિત બન્યા છે.

## પ્રવેશ સરળ બને તેવી નવી માગરિખા નિશ્ચિત કરોઃ સુપ્રીમ

### MBBS પ્રવેશ માટે 'બોથ હેન્ડસ ઈન્ટેકટ' પોલીસી ફગાવતી સુપ્રીમ

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

દેશના તબીબી વ્યવસાય હવે જયારે રોબોટીક સર્જરી યુગમાં પ્રવેશી ગયો છે તે સમયે મેડીકલ કોલેજ નએમબીબીએસથના અભ્યાસક્રમમાં દાખલ થવા માટે દિવ્યાંગો માટેની નેશનલ મેડીકલ કમીશનની સદી જૂની ગાઈડલાઈન જેમાં નબોથ-હેન્ડથ એટલે કે એમબીબીએસમાં પ્રવેશ માટે ઈચ્છુક વિદ્યાર્થીનો બન્ને હાથ કામ કરતા હોય તે સહિતની જે ગાઈલાઈન હતી તે ફગાવીને દિવ્યાંગો માટે મેડીકલ પ્રવેશ સરળ બને તેવી નવી માર્ગરેખા નિશ્ચિત કરવા જણાવ્યુ છે. સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો દેશમાં દિવ્યાંગો માટે તબીબી અભ્યાસક્રમમાં એક નવી દિશા ખુલશે અને તેઓને સન્માનજનક રીતે સ્થાન મળશે. સુપ્રીમ કોર્ટ આ પ્રકારની ગાઈડલાઈન જેમાં દિવ્યાંગો માટે શરતો મુકાઈ છે તેને પોતાના વ્યવસાયને મહાન અને મહિલામંડન ગણાવતા નેશનલ મેડીકલ કમીશનના વલણની આકરી ટીકા કરી હતી. સુપ્રીમ કોર્ટે આ નબોથ-હેન્ડ ઈન્ટેકટથ એટલે કે બન્ને હાથ સાબૂત હોવા જોઈએ તેવા નિયમથી દિવ્યાંગો કે જેણે હાથ ગુમાવ્યા છે તેને બંધારણીય હકકથી વંચિત રાખવા સમાન ગણાવ્યો હતો. એમબીબીએસમાં પ્રવેશમાં ડો. સત્યેન્દ્ર સિંઘના રીપોર્ટને સ્વીકારતા પર્સન ઓફ ડિસએબીલીટી અંગેની વ્યાખ્યા ફેરવવા સુપ્રીમે આદેશ આપ્યો હતો અને તે સામે દિલ્હીની પ્રતિષ્ઠીત નએઈમ્સથના પાંચ તબીબોના રીપોર્ટને પણ નકાર્યો હતો.આ કમીટીમાં ડો. સિંઘ પણ હતા. જેઓએ પોતાનો અભિપ્રાય અલગ રીપોર્ટથી આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે હવે જયારે રોબોટીક સર્જરીના યુગમાં આપણે આવી ગયા છે અને તબીબી જગત પણ તેના પર આધાર રાખવા લાગ્યુ છે તો જે દિવ્યાંગો છે.તેઓ આ આસીસ્ટીવ ટેકનોલોજીની મદદથી તબીબી વ્યવસાયમાં જોડાય તો તેને રોકવાનો પ્રયાસ થવો જોઈએ નહી અને એક વખત એમબીબીએસ કર્યા બાદ નોન સર્જીકલ સ્પેશ્યાલીસ્ટમાં જવું કે ન જવું તે જે તે પસંદની છૂટ આપવી જોઈએ અથવા તો તે મેડીકલ પ્રેકટીસની તરીકેની સામાન્ય કામગીરી કરી શકે છે. સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે, અનેક ક્ષેત્ર એવા છે જયાં વ્યક્તિની શારીરિક ક્ષમતા કરતા પણ તેની માનસિક ક્ષમતા વધુ મહત્વની બની જાય છે. જેમાં કેરળમાં ડો. આર.એચ.સિંધુ જે બન્ને પગે પોલીયોગ્રસ્ત હોવા છતાં પણ દેશના પ્રથમ સર્જીકલ ગેસ્ટ્રો એન્ટેરોલોજી બન્યા હતા.



## આયાત માલ પર ટેરીફ લાદવાના ટ્રમ્પના નિર્ણયની ભારત પર અસર પડશે

**મુખ્ય સમાચાર,વોશીંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે તેમના વેપાર વડાને આદેશ આપ્યો છે કે તેઓ એવા દેશોથી આયાત થતા માલ પર ટેરિફ લાદવાની પ્રક્રિયા ફરી શરૂ કરે જે અમેરિકન ટેક કંપનીઓ પર ડિજિટલ સર્વિસ ટેક્સ લાદી રહ્યા છે. અમેરિકાના આ નિર્ણયની ભારત પર પણ અસર પડશે, કારણ કે ભારત ગુગલ અને ફેસબુક જેવી કંપનીઓ પાસેથી સમાનતા લેવી પણ વસૂલ કરે છે. તેને ગુગલ ટેક્સ તરીકે પણ ઓળખવામાં આવે છે. ભારતમાં ૨૦૧૬ માં ડિજિટલ વ્યવહારો એટલે કે ભારતમાંથી વિદેશી ઈ-કોમર્સ કંપનીઓ દ્વારા મેળવેલી આવક પર કર લાદવાના ઉદ્દેશ્યથી સમાનતા લેવી લાગુ કરવામાં આવી હતી. તેનો હેતુ બિઝનેસ-ટુ-બિઝનેસ વ્યવહારો પર કર લગાવવાનો છે.



ડોનાલ્ડ ટ્રમ્પે પહેલાથી જ સંકેત આપ્યો હતો કે તેઓ કેનેડા અને ફ્રાન્સથી આયાત થતા ઉત્પાદનો પર ટેરિફ લાદશે કારણ કે આ દેશો ડિજિટલ સેવાઓ કર વસૂલ કરી રહ્યા છે. રિપોર્ટ અનુસાર, ફ્રાન્સ અને કેનેડા દર વર્ષે ડિજિટલ ટેક્સમાં ૫૦૦ મિલિયન (લગભગ રૂ. ૪,૧૦૦ કરોડ) થી વધુ વસૂલ કરે છે, જ્યારે આ આંકડો વૈશ્વિક સ્તરે ૨ બિલિયન (લગભગ રૂ. ૧૬,૪૦૦ કરોડ) સુધી પહોંચી ગયો છે.ડિજિટલ સર્વિસ ટેક્સ મુખ્યત્વે ગૂગલ, મેટા (ફેસબુક), એપલ અને એમેઝોન જેવી અમેરિકન ટેક કંપનીઓ પર લાદવામાં આવ્યો છે. બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, સ્પેન, તુર્કી, ભારત, ઑસ્ટ્રિયા અને કેનેડા સહિત ઘણા દેશોએ આ કંપનીઓ પર ડિજિટલ ટેક્સ લાદ્યો છે. વ્હાઈટ હાઉસના એક અધિકારીના જણાવ્યા અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર ડિજિટલ ટેક્સ, દંડ અને નીતિઓનો સામનો કરવા માટે ટેરિફ જેવા પગલાં લેવાનું વિચારી રહ્યું છે.ટ્રમ્પે કહ્યું કે તેઓ વિદેશી સરકારોને અમેરિકન કંપનીઓ પાસેથી કર વસૂલવાની મંજૂરી નહીં આપે. ટ્રમ્પના આ આદેશ બાદ, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન રજૂ કરાયેલા ડિજિટલ ટેક્સની ફરીથી તપાસ કરશે. ઉપરાંત, અમેરિકન ટેક કંપનીઓ સાથે ભેદભાવ રાખનારા અન્ય દેશોની પણ તપાસ કરવામાં આવશે.

# રાજપુત ગિરસદાર સમાજના ૧૯ નવદંપતીઓ કાલે પ્રભુતામાં પગલાં માંડશે

## અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘ દ્વારા સમૂહ લગ્નોત્સવનુ જાજરમાન આયોજન





**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિશ્વની સૌથી મોટી સામાજીક સંસ્થા અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ, મહીલા સંઘ, યુવા પાખ આયોજીત તા. ૨૩-૦૨-૨૦૨૫ રવિવાર ના રોજ રાજપૂત ગીરાસદાર સમાજનો ૧૮ મો સમુહલગ્નોત્સવ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ મુકામે આયોજન કરવામાં આવ્યુ છે જેમાં ૧૯ નવદંપતિ શાસ્ત્રોકત વિધીથી પ્રભુતાના પગલા માંડશે.

તા. ૨૩-૦૨-૨૦૨૫ ને રવિવારે બપોરના ૨ કલાકે વર-કન્યાનું એન. કે. જાડેજા રાજપૂત કન્યા છાત્રાલય, ખાતે આગમન થશે. બપોરે ૪:૦૦ કલાકે ૧૫૦ ફુટ રીંગ રોડ થી વરયાત્રાનો શુભારંભ કરવામા આવશે ૬ કલાકે લગ્ન સ્થળ આશાપુરા ફાર્મ, શીતલ પાર્ક બસ સ્ટોપ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ, પર આગમન થશે. જયા દરેક નવદંપતિ ના સામૈયા કરી પોતાના લગ્ન મંડપમાં પધરામણી કરશે. ત્યારબાદ શાસ્ત્રી દ્વારા શાસ્ત્રોકત વિધીથી લગ્ન વિધી કરાવવામાં આવશે. સાંજે ગોધુલીક સમય ૬.૧૦ કલાકે હસ્તમેળાપ થશે. ત્યારબાદ નવદંપતિ અને તેમના માતાપિતાને અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા પ્રમાણપત્ર આપી સન્માનીત કરવામા આવશે.

અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ ના મેનેજીગ ટ્રસ્ટી ડો. જયેન્દ્રસિંહ એમ. જાડેજા, પી.ટી. જાડેજા આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ, તેમજ દિપકસિંહ ઝાલા પ્રદેસ અધ્યક્ષ ના માર્ગદર્શન અનુસાર સમૂહ લગ્નોત્સવ ને સફળ બનાવવા યુવા સંઘ ના પી.ટી. જાડેજા (હડમતીયા જં) ચેરમેન (મો. ૯૮૨૪૨ ૧૪૨૯૯), હિતેન્દ્રસિંહ ડી. ઝાલા (કોઠારીયા જં) કન્વીનર, સમૂહ લગ્નની જવાબદારી સંભાળી રહ્યાં છે. જેમા કિરીટસિંહ જાડેજા (મોટાભેલા) પ્રદેશમંત્રી, પથુભા જાડેજા (ખોખરી) પ્રમુખ સજકોટ શહેર, કિશોરસિંહ જેઠવા (પાંડાવદર) પ્રમુખ રાજકોટ જીલ્લો, નિમળસિંહ ઝાલા (નેકનામ), ભારતસિંહ ઝાલા (રતનપર), ચંપકસિંહ જાડેજા (વડાળી), સુખદેવસિંહ જાડેજા (મકાજી મેઘપર), રાજભા વાળા (હરીયાસણ), મહિપતસિંહ પરમાર (ટીકર), અશોકસિંહ જાડેજા (ધુળીયા ઘેમડા) પી.વી.જાડેજા(માણેકવાડા), કીરીટસિંહ ઝાલા (રાતીદેવરી), નું કાર્યક્રમને સફળતા અપાવવા અને યુવા પાખને પ્રોત્સાહિત કરી સતત માર્ગદર્શન પુરૂપાડી રહ્યા છે.

આ સમૂહ લગ્નોત્સવની સંપૂણ જવાબદારી યુવાપાંખ ને સોપવામાં આવેલી હોય જેમાં અક્ષીતસિંહ પી. જાડેજા (હડમતીયા જ) સહ કન્વીનર, કનકસિંહ ઝાલા (બલાળા) સહ કન્વીનર, હિતેન્દ્રસિંહ ઝાલા (ઈગોરાળા) સહ કન્વીનર, બલભદ્રસિંહ જાડેજા (પડવલા), ક્રિપાલસિંહ જાડેજા (વચલી ઘોડી) નરેન્દ્રસિંહ જાડેજા (હડમતીયા જં), શકિતસિંહ પરમાર (ચાણપર), દિલીપસિંહ જાડેજા (મેટીયા) મેઘરાજસિંહ ઝાલા (રાજચરાડી), જયપાલસિંહ જાડેજા (કોટડા નાયાણી), વનરાજસિંહ જાડેજા (પીપરડી), તેમજ યુવા પાંખના સર્વે કાર્યકર્તાઓ ખુબ જ જહેમત ઉઠાવી રહયા છે.

રાજકોટ જીલાના દરેક તાલુકા માથી મજબુતસિંહ જાડેજા (પડવલા), વી.પી. જાડેજા (પડધરી), જયદેવસિંહ ઝાલા (જેતપુર), હેમંતસિંહ જાડેજા(ઉપલેટા), વિક્રમસિંહ જાડેજા (ધોરાજી), જયપાલસિંહ સરવૈયા (લોધીકા), રવિરાજસિંહ જાડેજા (ખાખડાબેલા) જયપાલસિંહ ઝાલા (રતનપર), મહાવિરસિંહ જાડેજા (જામકંડોરાણા) પુષ્પરાજસિંહ જાડેજા (ધુળીયા દોમડા), ઓમદેવસિંહ જાડેજા (ગોંડલ), મહિલા સંઘના કા. અધ્યક્ષ જયશ્રીબા પી.જાડેજા, હિનાબા ગોહીલ, સીતાબા જેઠવા, કિર્તીબા ઝાલા, ભાવનાબા જાડેજા, મીનાબા જાડેજા, પુર્ણાબા ગોહીલ ગૃહમાતા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

આ સમુહ લગ્ના આજીવન દાતા તરીકે સ્વ. સુરેન્દ્રસિંહ દાદુભા ઝાલા તથા પરિવાર, જુની કલાવડી દ્વારા આર્થીક અનુદાન આપવામાં આવેલ છે. સમુહ લગ્નમાં દરેક કન્યાઓને ૧૦૦થી વધુ ભેટ-સોગાદ આપવામાં આવશે. આ સમુહ લગ્નમાં દાતાઓ પરાક્રમસિંહ જાડેજા,( જયોતિ સી.એન.સી.) મયુરધ્વજસિંહ એમ. જાડેજા (પડાણા) જે.એમ.જે.ગ્રુપ, મોહીતસિંહ બી.ઝાલા સિધ્ધિવિનાયક મોટર, હકુભા વાળા (પ્રાંશલા) કિશોરસિંહ જાડેજા રાજશૃંગાર પાર્ટી પ્લોટ નાનામવા, હરીશચંદ્રસિંહ (હસુભા) જાડેજા (ઘંટેશ્વર), અજીતસિંહ જાડેજા (ભુણાવા) સહદેવસિંહ ડી. ઝાલા કારોલ (પર્વ મેટલ), યુવરાજસિંહ જાડેજા (ચાંપાબેડા) ઋષીરાજસિંહ નિલેશસિંહ ઝાલા (વણા) હોટર આર.આર.ઈન, સ્વ.પી.પી. જાડેજા પ્રધુમન ગ્રુપ નાનામવા, પ્રવિણસિંહ કનુભા વાઘેલા (ભાડેર) ફાઈન ટ્રેડ ફોર્મ ઈન્ડસ્ટ્રીઝ, વિરેન્દ્રસિંહ ઝાલા- મહામંત્રી રાજકોટ શહેર ભા.જ.પ., સુરૂભા જાડેજા (રાવક) ક્રિપાલસિંહ જાડેજા (વાગુદડ) રોઝર મોટર્સ, મહિપતસિંહ ચુડાસમા, હોટલ જયસન, જયશ્રીબા પી.ટી. જાડેજા (હડમતીયા જ.) તથા મહિલા સંઘ, મનોહરસિંહ (બબાભાઈ) રમુભા ઝાલા, રોજાસર, સહદેવસિંહ ડી.ઝાલા (પર્વમેટલ) સહદેવસિંહ વાઘેલા - દેવ બિલ્ડર્સ, ધર્મેન્દ્રસિંહ જાડેજા (દેદકદળ), દિલીપસિંહ પી. જાડેજા(ઈટાળા) પી.સી.સી., રાજદિપસિંહ એમ. જાડેજા ઉપાધ્યક્ષ રાજકોટ શહેર ભા.જ.પ., (વાવડી કો), હાર્દિકસિંહ એમ. જાડેજા (ખજુરડી), હીના એન્જી, યશપાલસિંહ જાડેજા (ચાંદલી) નો મુખ્ય આર્થીક સહયોગ મળેલ છે.

આ સમૂહ લગ્નોત્સવ મા મુખ્ય મહેમાન ડો. જયેન્દ્રસિંહ એમ. જાડેજા, એમ.ડી અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ, જનકસિંહ ગોહિલ (કુકડ) નાયબ નિયામકશ્રી (સૌરાષ્ટ્ર ઝોન), દીપકસિંહ ઝાલા, પ્રદેશ અધ્યક્ષ તેમજ સર્વે દાતાઓ ઉપસ્થિત રહી કાર્યકમ ને શોભાઈમાન કરશે.

# જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળામાં આપાગીગાના ઓટલા દ્વારા વિનામૂલ્યે વિરાટ અન્નક્ષેત્ર



**મુખ્ય સમાચાર,રાજકોટ**

આભને ઓવારણા લઈ વાદળ સાથે વાતો કરતા ગરવા ગિરનારની ગોદમાં જુનાગઢ ખાતે દર વર્ષે મહાશિવરાત્રીનો મેળો યોજાય છે. આ વર્ષે પણ આ પરમ પવિત્ર શિવરાત્રી મહોત્સવ આડે બહોજ ઓછા દિવસો બાકી રહયા છે ત્યારે શ્રી આપાગીગાના ઓટલા દ્વારા તેની ભવ્યાતિ ભવ્ય ઉજવણી માટે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પરમ કુપાળુ દિવાધી દેવ મહાદેવની ભક્તિમાં સમગ્ર સંતો મહંતો તેમજ સમગ્ર સમાજના લોકો જયારે ઓળઘોળ થવાના છે. ત્યારે આ અવસરે શ્રી આપાગીગાનો ઓટલો ચોટીલા દ્વારા ભવનાથ ક્ષેત્રમાં લાલ સ્વામીની જગ્યા ભવનાથ, જુનાગઢ ખાતે સમગ્ર સમાજના લોકો સાધુ સંતો ભાઈઓ, બહેનો માતાઓ યુવાનો અઢારેય કોમ માટેનું છેલ્લ । ઘણા વર્ષોથી અન્નક્ષેત્રનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ શ્રી આપાગીગાના ઓટલાના મહંત શ્રી નરેન્દ્રબાપુ ગુરૂશ્રી જીવરજબાપુની (નરેન્દ્રભાઈ સોલંકી) તેમજ સમગ્ર કાર્યકર્તાઓની ટીમ દ્વારા અને ભગવાન ભોળાનાથની આગેવાનીમાં તેમજ જીવરાજબાપુના આર્શીવાદથી અન્નક્ષેત્ર ચાલુ થઈ ચુકયુ છે. સેંકડો ભાવીકો માટે મહાપ્રસાદ રૂપી ભોજનની સેવા માટે જુનાગઢ શહેર, જુનાગઢ જીલ્લાના ગુર્જર ક્ષત્રીય કડીયા જ્ઞાતિ સમાજના કાર્યકર્તાઓ કાર્યરત છે. નરેન્દ્રબાપુએ જણાવેલ કે જુનાગઢના મહાશિવરાત્રી મહોત્સવ અંતગર્ત તા. ૨૦-૨-૨૦૨૫ ગુરૂવાર સવાર થી જ આપાગીગાના ઓટલાનું અન્નક્ષેત્ર ધમધમવા લાગેલ છે સમગ્ર સમાજના લોકો માટે ધમધમતુ થઈ ગયુ છે જેમાં સવારના સમયમાં દરેક લોકોને ચા-પાણી-નાસ્તો અને બપોરે અને સાંજે શુધ્ધ ઘીની બે મીઠાઈઓ, શુધ્ધ સિંગતેલમાં બનેલ બે શાક, ફરસાણ, દાળ, ભાત, શાક, ખીચડી, કઢી, વગેરેનો ભોજનરૂપી મહાપ્રસાદની વ્યવસ્થાઓ ભગવાન સદાશીવ, માં ભગવતી તેમજ માં બહુચરાજી, ભગવાન દ્વારકાધીશના આર્શીવાદથી અને અમારા પરમ સદ્ગુરૂ દેવ શ્રી જીવરાજબાપુની પ્રેરણાથી ચાલુ થઈ જશે તેમજ તા. ૨૬-૨-૨૦૨૫, બુધવાર (મહાશિવરાત્રી) ના દિવસે સંપૂર્ણ દિવસ માટે સવારથી લઈ રાત્રી સુધી આખા દિવસ શિખંડ સાથે રાજગરાના લોટનો શીરો, સામાની ખીર, ફરાળી ખીચડી, સુકી ભાજી, રાજગરાના લોટની પુરી, ફરાળી ચેવડો, ફરાળી કઢી, વિગેરે અનેક પ્રકારની ફરાળી આઈટમો પણ આખો દિવસે પીરસવામાં આવશે.

તા. ૨૨-૨-૨૦૨૫ થી લઈ તા. ૨૭-૨-૨૦૨૫ સુધી દરરોજ રાત્રીના સમયે ખુબજ મોટા નામાંકિત કલાકારો દ્વારા વિડીયો પર એલ.ઈ.ડી. સ્ક્રીન દ્વારા રોજ રાત્રે ભજન અને લોક ડાયરાની જમાવટ થનાર છે. ભજન ભોજન અને ભકિતનો ત્રીવેણી સંગમ એટલે મહાશિવરાત્રીનો ભગવાન ભવનાથ મહાદેવના સાનિધ્યનો મેળો આપ સૌને હૃદયપૂર્વકની વિનંતીઓ છે. કે ખાસ મેળામાં પધારો અને આપાગીગાના ઓટલાના અન્નક્ષેત્રમાં મહાપ્રસાદ લેવા પધારો તેવી આપાગીગાના ઓટલાના મહંત નરેન્દ્રબાપુ ગુરૂ જીવરાજબાપુ દ્વારા જાહેર જનતા જોગ અપીલ છે.

# જેસીપીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ: ડ્રગ્સનુ વેચાણ કરતા પેડલરોનું રેકેટ તોડવા ખાસ કોમ્બિંગ કરવા પોલીસને સુચના

## જનજાગૃતિના કાર્યો થકી સોફ્ટ ટાર્ગેટ બનતા યુવા છાત્રોને બચાવી શકાય



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં ડ્રગ્સ વિરોધી પ્રવૃત્તિ અટકાવવા શહેર નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટરની બેઠક અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી શાળા, કોલેજ, યુનિવર્સીટી વિસ્તારમાં ડ્રગ્સ વેંચતા લોકો પર વોચ રાખી પેડલરોનું રેકેટ તોડવા ખાસ કોમ્બિંગ કરવા પોલીસને સૂચના આપી હતી.

રાજકોટમાં ખાસ કરીને યુવા-વિદ્યાર્થીઓ સોફ્ટ ટાર્ગેટ હોઈ, યુવાધનને ડ્રગ્સથી બચાવવા માટે ડ્રગ્સના મૂળ એવા સિન્થેટિક ડ્રગ્સ અને ગાંજાના ઉત્પાદન પર ધ્યાન રાખવા તેમજ રાજ્યમાં જે રસ્તેથી ડ્રગ્સ પ્રવેશે છે. તે વિસ્તારમાં કોમ્બિંગ વધારવા, યુવાધન નશીલા પદાર્થોના સેવનથી દૂર રહે તે માટે જનજાગૃતિ અભિયાન અસરકારક રીતે આગળ વધારવા સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. સાથોસાથ ફૂડ એન્ડ ડ્રગ્સ, ખેતીવાડી, આરોગ્ય સહિતના વિભાગ અને અન્ય સંસ્થાઓને પણ બદલાતા ડ્રગ્સના પરિમાણો સામે સતર્કતા સાથે સહભાગી થવા માર્ગદર્શન આપ્યું હતું નાર્કો કો-ઓર્ડીનેટર સેન્ટરની બેઠકમાં પોલીસ વિભાગ દ્વારા એન્ટી-ડ્રગ્સ કેમ્પઈન અંગે ડી.સી.પી. પાર્થરાજસિંહ ગોહિલે શહેરમાં જુદા જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પકડવામાં આવેલ ડ્રગ્સનાં કેસની માહિતી પુરી પાડી હતી. એસ.ઓ.જી દ્વારા તાજેતરમાં યોજાયેલા એજ્યુકેશન એક્સ્પો સહીત વિવિધ શાળાઓમાં કરવામાં આવેલા સેમિનારની વિગતો પુરી પાડી હતી. જનજાગૃતિ અર્થે જાહેર માર્ગો પર સ્ક્રીન તેમજ થિએટરમાં શો પહેલા નો ડ્રગ્સ અવેરનેસ કેમ્પઈન ચલાવવામાં આવી રહ્યું છે.

# સમૂહલગ્નમાં આયોજકો રફુચકકર થઈ જતા હોબાળો

## કન્યાઓ વિદાય પહેલા જ રડવા લાગી, જાન લીલા તોરણે પરત ફરવા લાગતા રાજકોટ પોલીસે રોકી લગ્નવિધિ શરૂ કરાવી







(તસ્વીરઃ આનંદ જાવિયા)










**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં એક વિચિત્ર ઘટના બની છે. આજે રાજકોટમાં સર્વજ્ઞાતિય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. જેથી વર-વધૂ પક્ષના જાનૈયાઓ આયોજના સ્થળે પહોંચ્યા તો ત્યાં દૃશ્યો જોઈને નવાઈ પામ્યા હતા. આયોજકો ફરારા થઈ જતાં જાનૈયાઓ રસ્તે રઝળી પડ્યા હતા. જેને લઈને વર-વધૂ પક્ષના જાનૈયાઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આખરે રાજકોટ પોલીસે ૨૮ યુગલોના લગ્ન બીડું ઝડપ્યું હતું, જ્યારે કોંગ્રેસ નેતાએ જમણવારની જવાબદારી ઉપાડી લેતાં વર અને કન્યા પક્ષમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે.

રાજકોટમાં માધાપર ચોકડી નજીક આયોજિત સર્વજ્ઞાતિય સમૂહલગ્નમાં લગ્ન સમયે જ આયોજકો ગાયબ થઈ જતાં અને લગ્નસ્થળે કોઈ વ્યવસ્થા ન હોવાથી પરણવા આવેલાં વરવધૂ અને તેમનાં પરિવારજનો મુશ્કેલીમાં મુકાયાં હતાં. રાજકોટ ઉપરાંત આસપાસના જિલ્લાઓમાંથી લોકો જાન જોડીને પરણવા પહોંચ્યા હતા, પરંતુ અહીં કોઈ વ્યવસ્થા જ ન હતી અને આયોજકો પણ ગાયબ હતા, જેના કારણે જાન લીલા તોરણે જ પરત ફરવા લાગતાં કન્યાઓ રડી પડી હતી. તો બીજી તરફ પરિવારજનોએ હોબાળો મચાવતાં રાજકોટ પોલીસ દોડી આવી હતી અને માનવતાવાદી વલણ અપનાવી લગ્નની વિધિ સંપન્ન કરાવવાની જવાબદારી લીધી હતી. રાજકોટ પોલીસે લગ્નવિધિ શરૂ કરાવ્યા બાદ જે આયોજક સામે આક્ષેપો થયા તેની સામે ગુનો નોંધવાની તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ આયોજક ચંદ્રેશ છત્રોલાએ પોતાની તબિયત સારી ન હોવાથી હોસ્પિટલમાં એડમિટ હોવાનું સ્ટેટસ મૂક્યું હોવાનું જાણવા મળ્યું છે. સમૂહલગ્નના આયોજકોએ વર અને કન્યાપક્ષ પાસેથી ૧૫થી ૪૦ હજાર રૂપિયા ફી પેટે લીધા હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટનાં માધાપર ચોકડી નજીક આવેલી અઉઈ હોટલ સામે આવેલા ગ્રાઉન્ડમાં ઋષિવંશી સમાજના નામે ૨૮ સર્વજ્ઞાતિય દીકરીનાં સમૂહલગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું. આ માટે બધા પરિવારો પાસેથી રૂ. ૧૫થી ૪૦,૦૦૦ ઊઘરાવી લેવામાં આવ્યા હતા જોકે આજે લગ્નના દિવસે સવારથી પરિવારો આવ્યા તો કોઈપણ આયોજકો હાજર હતા નહીં. એના કારણે આ અંગે પોતાની સાથે છેતરપિંડી થયાનો અહેસાસ થતાં આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં હાલ પોલીસ દોડી આવી છે અને સૌપ્રથમ જે લોકોનાં લગ્ન અટક્યાં હોય એ લગ્નો પૂર્ણ કરાવવા માટે પોલીસ દ્વારા કવાયત શરૂ કરવામાં આવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

